દિવાળીમાં 9મી નવે.એ રજા, સરકારી કર્મીઓને ચાર દિવસનું વેકેશન

ધોકા નિમિત્તે સોમવારે જાહેર રજા, બદલામાં ૨૮ નવેમ્બરના ચોથા શનિવારે સરકારી કચેરીઓ ચાલુ રહેશે

ગાંધીનગરઃ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે દિવાળીના તહેવારોમાં સળંગ ચાર દિવસની રજાનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૯ નવેમ્બર, સોમવારના રોજ ધોકા નિમિત્તે જાહેર રજા જાહેર કરતો પરિપત્ર બહાર પાડ્યો છે. અગાઉથી જાહેર થયેલી દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજની રજાઓની વચ્ચે સોમવારની રજા ઉમેરાતાં કર્મચારીઓને ૮થી ૧૧ નવેમ્બર સુધી સતત ચાર દિવસનું મીની વેકેશન મળશે.

અગાઉના જાહેર રજા કેલેન્ડર મુજબ ૮ નવેમ્બરે રવિવારે દિવાળી, ૧૦ નવેમ્બરે મંગળવારે નૂતન વર્ષ અને ૧૧ નવેમ્બરે બુધવારે ભાઈબીજની રજા જાહેર કરવામાં આવી હતી. આ ત્રણ રજાઓની વચ્ચે આવતા ૯ નવેમ્બરના પડતર દિવસને પણ સરકારે જાહેર રજા તરીકે જાહેર કરતાં કર્મચારીઓને પરિવાર સાથે તહેવારની ઉજવણી માટે સતત ચાર દિવસનો સમય મળશે.

૨૮ નવેમ્બરે ઓફિસો ચાલુ રહેશે

જોકે, તા. ૯ નવેમ્બરની જાહેર રજાની ભરપાઈ કરવા માટે ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના ચોથા શનિવારે રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં નિયમિત કામકાજ ચાલુ રહેશે. આ નિર્ણય રાજ્ય સરકારની સરકારી કચેરીઓ ઉપરાંત પંચાયતો, બોર્ડ અને કોર્પોરેશનોને પણ લાગુ પડશે. સરકારના આ નિર્ણયથી દિવાળીના તહેવારોમાં વતન જવા ઇચ્છતા કર્મચારીઓને પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે, જ્યારે રજાની ભરપાઈ માટે ચોથા શનિવારે કચેરીઓમાં કામકાજ કરવાનું રહેશે.

દિવાળીએ 108 ઈમરજન્સી કેસમાં 16.44 ટકાનો વધારો થવાની સંભાવના

નૂતન વર્ષે 6,776 અને ભાઈબીજના દિવસે 6,453 ઇમરજન્સી કેસ નોંધાવાની શક્યતા

અમદાવાદઃ દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યમાં ઈમરજન્સી મેડિકલ કેસોમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના 108 ઈમરજન્સી મેડિકલ સર્વિસિસ દ્વારા કરવામાં આવી છે. સામાન્ય દિવસોમાં સરેરાશ 5,248 ઈમરજન્સી કેસ નોંધાય છે, જેની સરખામણીએ દિવાળીના દિવસે 6,111, નૂતન વર્ષે 6,776 અને ભાઈબીજના દિવસે 6,453 કેસ નોંધાવાની શક્યતા છે. આ સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 108 દ્વારા રાજ્યભરમાં આગોતરી તૈયારીઓ કરવામાં આવી છે. દિવાળીના દિવસે ઈમરજન્સી કેસોમાં 16.44 ટકા, નૂતન વર્ષે 29.12 ટકા અને ભાઈબીજના દિવસે 22.96 ટકાનો વધારો થઈ શકે તેવી સંભાવના જોવા આવે છે. ખાસ કરીને વાહન અકસ્માત, શારીરિક હુમલા અને દાઝવાના બનાવોમાં વધારો થવાની સંભાવના છે. દિવાળીના દિવસે અકસ્માતના 1,216 અને દાઝવાના 73 કેસ નોંધાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ઈમરજન્સી કેસોમાં બપોરે 12થી રાત્રે 11 વાગ્યા દરમિયાન વધારો થવાની શક્યતા છે. ખાસ કરીને રાત્રે 8થી 11 વાગ્યા દરમિયાન સૌથી વધુ કેસ નોંધાઈ શકે છે. આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, દાહોદ, કચ્છ, મોરબી, સુરત, વડોદરા સહિતના જિલ્લાઓમાં વધુ ઈમરજન્સી નોંધાવાની સંભાવના છે. તહેવારો દરમિયાન ઝડપી સેવા મળી રહે તે માટે 108 દ્વારા ડ્યૂટી રોસ્ટર, વધારાનો સ્ટાફ, સ્ટેન્ડબાય ટીમો, એમ્બ્યુલન્સની સર્વિસિંગ અને દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. રાજ્યમાં 1,494 એમ્બ્યુલન્સનો કાફલો કાર્યરત છે.

વનમંત્રીની લેખિત બાંહેધરી બાદ વનરક્ષક કર્મીઓની હડતાળ સમેટાઈ

ગાંધીનગરઃ ગુજરાતમાં પડતર માંગણીઓના સમર્થનમાં વનરક્ષક કર્મચારીઓ દ્વારા ચાલી રહેલી હડતાળ વનમંત્રી અર્જુન મોઢવાડિયાની લેખિત બાંહેધરી બાદ સમેટવામાં આવી છે. વનમંત્રી સાથે સંયુક્ત કર્મચારી મહામંડળના હોદ્દેદારોની હાજરીમાં યોજાયેલી બેઠકમાં રિસ્ક એલાઉન્સ, રજા પગાર, ગ્રેડ પે, મહેકમમાં વધારો અને બદલી સહિતના પાંચ મુખ્ય મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં રિસ્ક એલાઉન્સ અને રજા પગારના પ્રશ્નો નાણા વિભાગમાં પેન્ડિંગ હોવાનું જણાવાયું હતું.

અમેરિકાનાં મતદારોએ ડોનાલ્ડ ટ્રમ્પના ગાલ પર સણસણતો તમાચો માર્યો છે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન ટેરિફથી માંડીને ઇરાન સામેના યુદ્ધમાં જે ભાંગરો વાટ્યો, તેની સજા તેમને અમેરિકાનાં મતદારોએ કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિને મળેલી વિશાળ બંધારણીય સત્તાઓનો દુરુપયોગ કરીને ડોનાલ્ડ ટ્રમ્પ લગભગ સરમુખત્યાર બની ગયા હતા. અમેરિકાની લોકશાહી સંસ્થાઓને જાણે તેમણે પોતાની દાસી બનાવી દીધી હતી. અમેરિકાનાં મતદારોનું મગજ હજુ સાબૂત છે, માટે તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને ખતમ કરવાના ટ્રમ્પના મનસૂબાઓ પર પાણી ફેરવી દીધું છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભલે કહેતા કે આ ચૂંટણી તેમના પ્રમુખપદની ચૂંટણી નથી, પણ રિપબ્લિકન પાર્ટીની ચૂંટણી છે, પણ હકીકતમાં અમેરિકાનાં મતદારોએ ટ્રમ્પના બે વર્ષના પ્રમુખપદ બાબતમાં પોતાનો ફેંસલો સંભળાવી દીધો છે. હવે બે વર્ષ સુધી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ તરીકે ચાલુ રહેશે, પણ પ્રતિનિધિ સભા અને સેનેટમાં ડેમોક્રેટિક પક્ષની બહુમતી હોવાથી ટ્રમ્પે કોઈ પણ કાયદો પસાર કરાવવો હશે તો ડેમોક્રેટના તાલે નાચવું પડશે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના ઈશારે, અમેરિકાની સેનેટને પૂછ્યા વિના અમેરિકાને યુદ્ધમાં ધકેલી દીધું તે યુદ્ધને પણ અમેરિકાની પ્રજાએ નકારી કાઢ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ હાર પછી તેમણે ઇરાન સામેના યુદ્ધમાં સમાધાન કરવું જ પડશે.

અમેરિકાની મિડ ટર્મ ચૂંટણીનાં પરિણામોમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. બપોરે ૩ વાગ્યા સુધીમાં ડેમોક્રેટિક પાર્ટીએ અમેરિકન કોંગ્રેસનાં બંને ગૃહો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું છે. ૪૩૫ બેઠકોવાળા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સ ૨૩૧ બેઠકો ધરાવે છે, જે બહુમતીનો આંકડો (૨૧૮) વટાવી ગયો છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી ૧૩૯ બેઠકો પર સમેટાઇ ગઈ છે. દરમિયાન ૧૦૦ બેઠકોવાળી સેનેટમાં ડેમોક્રેટ્સે ૫૪ બેઠકો જીતીને બહુમતી મેળવી છે, જ્યારે રિપબ્લિકન્સને માત્ર ૪૪ બેઠકો મળી છે. બંને ગૃહોમાં ડેમોક્રેટ્સ માટે આ નોંધપાત્ર જીતે અમેરિકન શક્તિનું સંતુલન બદલી નાખ્યું છે અને તેની સીધી અસર ટ્રમ્પ વહીવટીતંત્રની આગામી કાર્યસૂચિ પર પડશે તે નિશ્ચિત છે.

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

ડોનાલ્ડ ટ્રમ્પ માટે મિડ ટર્મ ચૂંટણીઓ ફક્ત તેમની બેઠકો બચાવવા માટેની લડાઈ નહોતી, પરંતુ તેમની રાજકીય સ્થિતિની મોટી કસોટી હતી. આ ચૂંટણીઓનાં પરિણામો ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ પર રાષ્ટ્રવ્યાપી ચુકાદો છે. જીવનનિર્વાહના વધી રહેલા ખર્ચ, આડેધડ લાદવામાં આવેલા ટેરિફ અને ઈરાન સામેના યુદ્ધ અંગે પ્રજામાં અસંતોષ ધૂંધવાતો હતો. ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જે રિપબ્લિકન પક્ષ પર ભારે પડી રહ્યો છે. રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગઈ છે. મતદારો વધી રહેલી મોંઘવારી માટે



ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને દોષી ઠેરવે છે અને ઇચ્છે છે કે કોંગ્રેસ તેમના પર વધુ નિયંત્રણો લાદે.

મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવ્યા પછી 'વીટો' શબ્દ અમેરિકન રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત શબ્દ બની ગયો છે. આનો અર્થ એ છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોંગ્રેસમાં બિલ પસાર થવાથી રોકવા માટે તેમના વીટોના વિશેષાધિકારનો ઉપયોગ કરી શકે છે. રિપબ્લિકન પાર્ટીની હાર બાદ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ચૂંટણી પરિણામો સ્વીકારવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે તેઓ આગામી મહિનાઓમાં ડેમોક્રેટ્સ સાથે કામ કરવા તૈયાર છે અને બંને પક્ષો આગળ વધવાનો રસ્તો શોધી કાઢશે. મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની હાર પર પ્રતિક્રિયા આપતાં ટ્રમ્પે કહ્યું કે જો તેઓ પોતે ચૂંટણી મેદાનમાં હોત, તો તેઓ ભારે બહુમતીથી જીત્યા હોત.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ X પર ચૂંટણી પરિણામો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું કે અમેરિકન જનતાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ એવી રાજનીતિ ઇચ્છે છે જે લોકોને એક કરે, વિભાજીત ન કરે અને એવા નેતાઓ ઇચ્છે છે જે સમસ્યાઓના નક્કર ઉકેલો પૂરા પાડે. બરાક ઓબામાએ ઉમેદવારોના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અને ચૂંટણીને સુચારુ રીતે પૂર્ણ કરવામાં મદદ કરનારા બંને પક્ષોના અધિકારીઓ અને સ્વયંસેવકોનો આભાર માન્યો હતો. ભવિષ્યની રણનીતિ પર બોલતાં તેમણે કહ્યું કે વર્તમાન વહીવટીતંત્ર પાસે હજુ બે વર્ષનો કાર્યકાળ બાકી છે, પરંતુ હવે અમારું કાર્ય તૈયાર થવાનું છે, શક્ય હોય ત્યાં પરિવર્તન લાવવાનું છે, વધુ નુકસાન અટકાવવાનું છે અને ભવિષ્ય માટે મજબૂત પાયો નાખવાનું છે.

ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ ગાલિબાફે કહ્યું કે અમેરિકન લોકોએ ઈરાન સાથેના યુદ્ધને સંપૂર્ણપણે નકારી કાઢ્યું છે. તેમણે અમેરિકન સરકારને ઇરાન પર નવા હુમલાઓ સામે ચેતવણી આપતાં કહ્યું કે તેણે જાહેર અભિપ્રાય અને લોકોની ઇચ્છાનો આદર કરવો જોઈએ. મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામો આવતાંની સાથે જ ડેમોક્રેટ્સે ઘણાં અમેરિકન રાજ્યોમાં ગવર્નરની ચૂંટણીઓ જીતી લીધી છે. કેથી હોચુલે ન્યૂયોર્કમાં તેમનું ગવર્નરપદ જાળવી રાખ્યું, ફિલ વેઈઝર કોલોરાડોમાં જીત્યા અને વર્તમાન ગવર્નર નેડ લેમોન્ટે કનેક્ટિકટમાં બીજો કાર્યકાળ સુરક્ષિત કર્યો.

અમેરિકાની કોંગ્રેસમાં બે ગૃહો છેઃ નીચલું ગૃહ પ્રતિનિધિ ગૃહ અને ઉપલું ગૃહ સેનેટ. પ્રતિનિધિ ગૃહમાં બહુમતી મેળવવા માટે કોઈ પક્ષને ૨૧૮ બેઠકો જીતવી જરૂરી છે, જ્યારે સેનેટમાં સ્પષ્ટ બહુમતી માટે ૫૧ બેઠકોની જરૂર છે. જો બંને પક્ષો ઉપલા ગૃહમાં ૫૦-૫૦ બેઠકો ધરાવે તો ઉપરાષ્ટ્રપતિને મત આપવાનો અધિકાર છે, જેનાથી તેમના પક્ષને સેનેટ પર નિયંત્રણ મળે છે.

અમેરિકામાં દરેક રાજ્ય ચૂંટણીઓ યોજવા માટે જવાબદાર છે. ફ્લોરિડા જેવાં કેટલાંક રાજ્યો ચૂંટણી દિવસ પહેલાં વહેલા અને ટપાલ દ્વારા મતપત્રો મોકલવાનું શરૂ કરે છે, જ્યારે અન્ય રાજ્યો ૩ નવેમ્બરથી મત ગણતરી શરૂ કરે છે. મોટા ભાગનાં રાજ્યોમાં ચૂંટણી પછીના ઓડિટની જરૂર પડે છે, જ્યાં મશીન વોટની ગણતરી મેન્યુઅલ બેલેટ ગણતરી સાથે કરવામાં આવે છે. જો કે, નિયમો રાજ્ય પ્રમાણે અલગ અલગ હોય છે. સામાન્ય રીતે સંપૂર્ણ ગણતરી મેન્યુઅલી કરવામાં આવે છે. દરેક રાજ્ય અને સ્થાનિક સત્તામંડળના પોતાના નિયમો હોય છે, જે નક્કી કરે છે કે મતોની ચકાસણી અને ગણતરીની પ્રક્રિયામાં કોણ ભાગ લઈ શકે છે, કયા ક્રમમાં મતોની ગણતરી કરવામાં આવે છે અને મતગણતરીની પ્રક્રિયાના કયા ભાગો જાહેર જનતા માટે ખુલ્લા હોય છે.

અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણીઓને રાષ્ટ્રપતિના બે વર્ષનાં પ્રદર્શન પર જાહેર અભિપ્રાય તરીકે જોવામાં આવે છે. તેથી, આ પરિણામોને ટ્રમ્પ માટે એક મોટા રાજકીય આંચકા તરીકે જોવામાં આવી રહ્યાં છે. ચૂંટણી પરિણામો ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ અને તેમના પ્રદર્શન પ્રત્યે મતદારોનો અસંતોષ દર્શાવે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પક્ષના ઉમેદવારો માટે ઘણાં રાજ્યોમાં પ્રચાર કર્યો હતો. તેમણે જીતવા માટે તમામ પ્રયાસો કર્યા, તેમ છતાં રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. હાર બાદ, ટ્રમ્પે પરિણામો સ્વીકારવાની અને ડેમોક્રેટિક પાર્ટી સાથે કામ કરવાની તૈયારી દર્શાવી છે. કોંગ્રેસમાં ડેમોક્રેટ્સની બહુમતી સાથે તેઓ હવે ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયો પર પ્રશ્ન ઉઠાવી શકશે અને તેની નીતિઓનો વિરોધ કરી શકશે. જો કે ટ્રમ્પ રાષ્ટ્રપતિ રહેશે, પરંતુ સંસદીય બહુમતીનો અભાવ તેમના માટે તેમના નિર્ણયો લાગુ કરવામાં મુશ્કેલ બનાવશે. ભવિષ્યમાં સરકાર અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ વધવાની શક્યતા છે.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટ્સે સેનેટ અને હાઉસ બંને પર કબજો કર્યા પછી વૈશ્વિક શેરબજાર અને ડોલર રાતોરાત નીચા સ્તરેથી પાછા ફર્યા છે. પરિણામોએ એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે નિયમનકારી ચકાસણી દ્વારા AI ક્ષેત્રના ઝડપી વિકાસને રોકી શકાય છે. આજે સવારે યુરોપમાં પરિણામો આવી રહ્યાં છે તેમ, MSCIનો ઓલ-વર્લ્ડ ઇન્ડેક્સ ૦.૧૩ ટકા વધ્યો છે, જ્યારે યુરોપનો STOXX 600 ઇન્ડેક્સ - જે AI-સંબંધિત જોખમો સામે હેજ તરીકે કામ કરે છે તે ૦.૫ ટકા વધ્યો છે. ચીનનો સ્ટોક બેન્ચમાર્ક બે ટકાથી વધુ વધ્યો છે, જે સાત મહિનામાં તેનો શ્રેષ્ઠ દિવસ છે. ડેમોક્રેટ્સની જીત બાદ ક્રિપ્ટોકરન્સી તેના ઘટાડામાંથી સ્વસ્થ થઈ ગઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણીઓને રાષ્ટ્રપતિના પ્રદર્શન પર જાહેર અભિપ્રાય તરીકે જોવામાં આવે છે. આ પરિણામોને ટ્રમ્પ માટે એક મોટા રાજકીય આંચકા તરીકે જોવામાં આવી રહ્યાં છે

માત્ર રૂ.૨૨૯માં પશુપાલકોને મળશે રૂ.૪૦ હજારનું વીમા કવચ

રાજ્યના એક લાખ પશુઓને વીમા સુરક્ષા હેઠળ આવરી લેવાશે

પ્રીમિયમના ૮૫ ટકા એટલે કે રૂ.૧,૩૦૦ની સહાય સરકાર ચૂકવશે

ગાંધીનગરઃ નેશનલ લાઈવસ્ટોક મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭માં રાજ્યના એક લાખ પશુઓને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ યોજના હેઠળ પશુપાલકો માત્ર રૂ.૨૨૯નું પ્રીમિયમ ભરીને પોતાના પશુ માટે રૂ.૪૦ હજાર સુધીનું એક વર્ષનું વીમા કવચ મેળવી શકશે. વીમા પ્રીમિયમના ૮૫ ટકા એટલે કે રૂ.૧,૩૦૦ની સહાય સરકાર ચૂકવશે. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કેબિનેટ બેઠક બાદ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, પશુપાલકોની આર્થિક સુરક્ષા મજબૂત કરવાના હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. યોજના હેઠળ એક કુટુંબ મહત્તમ ૧૦ મોટા પશુ અથવા ૧૦૦ નાના પશુઓનો વીમો કરાવી શકશે. મોટા પશુઓમાં ગાય, ભેંસ, ઘોડા, ગધેડા, ઊંટ, આખલા, બળદ અને પાડાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને રૂ.૨૫૦ લાખની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે, જેમાંથી પ્રથમ હપ્તા તરીકે રૂ.૧૧૫ લાખ ફાળવાયા છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા રૂ.૫૫ લાખની અલગ જોગવાઈ પણ કરવામાં આવી છે.

SOU: પ્રથમ 3 દિવસમાં ૨૫ હજારથી વધુ લોકોની મુલાકાત

એક જ સ્થળે દેશનાં વિવિધ રાજ્યોની કલા, હસ્તકલા, પરંપરાગત વાનગીઓ અને લોકનૃત્યોનો અનોખો સંગમ

ગાંધીનગરઃ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સાક્ષીએ એકતાનગરમાં ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને રાષ્ટ્રીય એકતાનો અનોખો રંગ જામ્યો છે.

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય અને ગુજરાત પ્રવાસનના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલો 'ભારત પર્વ ૨૦૨૬' પ્રવાસીઓ માટે દેશની કલા, સંસ્કૃતિ, પરંપરા અને સ્વાદને એક જ સ્થળે માણવાનું આકર્ષક કેન્દ્ર બની રહ્યો છે. આ મહોત્સવના પ્રથમ ત્રણ દિવસમાં જ ૨૫ હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લેતાં પ્રવાસન ક્ષેત્રે પણ ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે.

૧થી ૧૫ નવેમ્બર દરમિયાન યોજાઈ રહેલા ભારત પર્વમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રવાસન પેવેલિયનમાં તેમની આગવી ઓળખ ધરાવતી કલા, હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ઓડિશાની સંબલપુરી સાડીઓ, પટ્ટચિત્ર, આસામની મુગા સિલ્ક, બિહારની મધુબની ચિત્રકલા, મધ્યપ્રદેશની ચંદેરી-મહેશ્વરી સાડીઓ, જમ્મુ-કાશ્મીરની પશ્મિના શાલ અને તેલંગાણાની પોચમપલ્લી ઈકત સાડીઓ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

BUSINESS મિત્ર

રોકાણકારોની સંપત્તિમાં વધુ પાંચ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો

શેરબજાર સતત પાંચમા દિવસે વધ્યું : સેન્સેક્સે 77000ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 4 : ભારતીય શેરબજારમાં સતત પાંચમા દિવસે ઉછાળો થયો હતો. આજે પણ સેન્સેક્સ અને નિફ્ટીએ ઈન્ટ્રાડેની ઉંચાઈ પર બંધ રહ્યા હતા. આમ, છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડેની ઉંચાઈએ બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સે 77000 પોઈન્ટ અને નિફ્ટીએ 23900 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આમ, 4 સપ્ટેમ્બર પછી પ્રતમ વખત નિફ્ટી 23900 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં વધુ પાંચ લાખ કરોડ રૂપિયાનો લાભ થયો હતો.

આજે લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. જ્યારે ઈન્ડિયા વીઆઈએક્સ 3.57 ટકા ઘટીને 15.16 પર બંધ રહ્યો હતો.

સેક્ટર વાઈઝ જોઈએ તો એફએમસીજી સેક્ટરમાં સુધારો આઘળ વધ્યો હતો. જે દોઢ ટકા ઈન્ડેક્સમાં વધારો જોવાયો હતો. આ સિવાય નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં 3 ટકાની વૃદ્ધઇ જોવા મળી હતી. જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સ એક ટકા વધ્યો હતો. જ્યારે આઈટ શેરોમાં વેચવાલીએ નિફ્ટી આઈટી ઈન્ડેક્સ દોઢ ટકા ઘટ્યો હતો.

બીએસઇ સેન્સેક્સ 383.55 પોઈન્ટ એટલે કે 0.50 ટકા વધીને 77301.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ 77000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77396 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76604 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 23900 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 149.75 પોઈન્ટ એટલે કે 0.63 ટકા વધીને 23960.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23960.60 પોઈન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23696 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 373.55 પોઈન્ટ એટલે કે 0.67 ટકા વધીને 55913.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એમક્યોર ફાર્મામાં 9.72 ગણા, એશબીઆઇ લાઇફમાં 8.71 ગણા, કેન ફિન હોમ્સમાં 4.67 ગણા, એચઈજી એડવાન્સમાં 4.52 ગણા અને જયોથિ લેબમાં 3.74 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફ્રેક્ટલ એનાલીટીક્સમાં 24.8 ગણા, ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ્સમાં 19.56 ગણા, જીએમડીસીમાં 19.21 ગણા, એચઈજી એડવાન્સમાં 12.87 ગણા અને ગ્લોબલ હેલ્થમાં 9.62 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઇન શેરો કરતા મજબૂત પ્રદર્શન કર્યુ હતું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.60 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.97 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. એનએસઇ ખાતે 2720 શેરો વધ્યા હતા, જ્યારે 884 શેરો ઘટ્યા હતા અને 100 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 5.15 ટકા વધ્યા હતા. જેમાં સારેગામા ઈન્ડિયા, ઝી એન્ટર, પ્રાઈમ ફોક્સ, નઝારા ટેકનો, ડીબી કોર્પ, નેટવર્ક 18 મીડિયા, પીવીઆર આઈનોક્સ, સન ટીવી નેટવર્ક અને ટીપ્સ મ્યુઝિક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે રોકાણકારોએ યુએસની મધ્યસત્ર ચુંટણીના પરિણામનું મુલ્યાંકન કર્યુ હોવાથી યુરપિયન બજારોમાં વધારો થયો હતો. ડેમોક્રેટસે કોંગ્રેસના બંને ચેમ્બરનું નિયંત્રણ જીતી લીધું, ચિંતા ઉભી કરી હતી કે એઆઇ કડક નિયમથી આ સેક્ટરમાં રોકાણને કાબુમાં લેવામાં આવી શકે છે. બીજી તરફ, ડેટા સેન્ટર મામલે રોકાણકારોની ચિંતા વધી છે અને તકનીકી કંપનીઓને એઆઇ સંબંધિત ખર્ચ વિશે વધુ સાવચેત બનાવી શકે છે. મોટાભાગે એસિયન બજારો ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. મોટા ભાગના પ્રારંભિક નુકશાનમાંથી પુનઃ રીકવરી પ્રાપ્ત થઇ હતી. ચુંટણીના પરિણામોએ વોશિંગ્ટનમાં રાજકીય ગ્રિડલોકની સંભાવના પણ ઉભી કરી હતી. આ ટ્રમ્પના બાકીના કાર્યકાળ દરમ્યાન નાણકીય નીતિ, સરકારી ખર્ચ અને અન્ય આર્થિક પ્રાથમિકતાઓ પરની ચર્ચાઓને જટિલ બનાવી શકે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 1.64 ટકા, કેક 1.75 અને ડેક્સ 1.52 ટકા વધારા સાથે ચાલી રહ્યા છે.

રૂપિયો સતત સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 4: કરન્સી બજારમાં રૂપિયામાં સતત સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે પણ ડોલરની સામે રૂપિયો 11 પૈસા વધીને 94.64ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.75ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.33, પાઉન્ડ 127.89, કેનેડિયન ડોલર 68.08, ઓસ્ટ્રેલિયન ડોલર 66.24, જાપાનીઝ યેન 0.5980 અ સીંગાપોર ડોલર 73.93ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.64 રૂ.
યુરો	106.33 રૂ.
પાઉન્ડ	127.89 રૂ.
યેન	0.5981 રૂ.

સેન્સેક્સ	383.55	77301.40
નિફ્ટી	149.35	23960.60
બેન્ક નિફ્ટી	373.55	55913.60

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટરપ્રાઇઝ	4.47	2709.20
ભારત ઇલેક્ટ્રીક	4.71	398.00
ટાઇટન કંપની	4.22	4754.40
જિયો ફાઇનાન્સીયલ	3.73	222.27
મેક્સ હેલ્થકેર	2.53	927.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	2.52	2436.00
એચસીએલ ટેકનો	2.37	1405.00
ઇન્ફોસીસ	1.73	1128.20
કોલ ઇન્ડિયા	2.05	399.65
બીએસઇ લિ.	1.75	3601.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	4.56	397.10
ટાઇટન કંપની	4.28	4750.00
ઇનટ્રગ્લોબ	2.39	5140.00
બજાજ ફાઇનાન્સ	2.38	993.05
આઇટીસી	2.32	279.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	2.70	2435.00
એચસીએલ ટેકનો	2.23	1405.00
ઇન્ફોસીસ	1.65	1127.10
ઇટર્નલ	1.60	344.05
કોટક મહિન્દ્રા બેન્ક	1.08	459.00

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૬૦૯૦
તેજાબી સોનું	૧૪૬૦૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૭૮૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૩૧૭૦
સોનાનાં બિસ્કીટ	૧૪૬૦૯૦૦
ચાંદી (૯૯૯)	૧૯૦૬૬૦
ચાંદી સિક્કા	૧૯૨૧૬૦

ટ્રમ્પની હારના પગલે અમેરિકન બજારો તૂટ્યા બાદ ઝડપી રીકવર થયા

રોકાણકારોનું વલણ બદલાયું નાસ્ડેક ફ્યુચર્સ દિવસની નીચી સપાટીથી 950 પોઇન્ટ વધ્યો, ગિફ્ટ નિફ્ટી પણ 175 પોઇન્ટ વધ્યો

મુંબઇ, તા. 4ઃ મેરિકન શેરબજારમાં આજે ભારે વધઘટ જોવા મળી હતી. અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામો શરૂ થતાની સાથે જ અમેરિકન બજારોમાં જોરદાર કડાકો બોલાયો હતો. ટ્રમ્પની પાર્ટી રિપબ્લીકન હાર તરફ આગળ વધી રહ્યું હતું અને ડેમોક્રેટ્સને મોટી જીતના કારણે આ કડાકો જોવાયો હતો. પરંતુ જોતજોતામાં રોકાણકારોનું વલણ બદલાઇ ગયું હતું અને ડાઉ તથા નાસ્ડેક ફ્યુચર્સ નીચલા સ્તરેથી રીકવર થતા જોવા મળ્યા હતા. આજે નાસ્ડેક ફ્યુચર્સ દિવસની નીચી સપાટીએથી લગભગ 950 પોઇન્ટ સુધરી ગયું હતું અને ગિફ્ટ નિફ્ટી 175 પોઇન્ટ સુધારા સાથે 24000 પોઇન્ટની ઉપર ચાલી રહી ખછે. જે બજારનો મુડ બદલાતો જોવા મળી રહ્યો છે. યુએસના પરિણામોથી અનિશ્ચિતતામાં ઘટાડો અને બોન્ડ યીલ્ડ પણ ઘટીને આવતા શેરબજારોમાં તેજીનો રૂખ જોવા મળ્યો છે. જોકે, અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું તે તેઓ ચુંટણીના પરિણામો સ્વીકારશે, જેનાથી બજારને રાહત મળી છે.

અમેરિકાના પરિણામોથી એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, ટ્રમ્પની મનમાની ઉપર બ્રેક વાગશે અને કેટલાક વિવાદીત નિર્ણયો લઇ શકશે નહીં, જેના લીધે આવનારા સમયમાં ઇઝરાયલ બાદ અમેરિકાના પરિણામો વૈશ્વિક અનિશ્ચિતતામાં ઘટાડો આવશે, જે બજારને માટે હકારાત્મક સાબિત થઇ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડેમોક્રેટસે યુએસ સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેનું નિયંત્રણ મેળવ્યું છે. આનાથી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને મોટો રાજકીય ફટકો પડ્યો છે. રોકાણકારોને ચિંતા હતી કે ડેમોક્રેટસના નિયંત્રણ હેઠળ ટેક કંપનીઓ પર કડક નિયમો લાગુ થઇ શકે છે, ખાસ કરીને એઆઇમાં રોકાણ કરતી કંપનીઓને અસર થવાની ધારણા હતી,

જોકે, અમેરિકાના પરિણામો અને ટ્રમ્પ પર લગામ લાગવાથી ભારતીય શેરબજારમાં પણ હકારાત્મક વલણ જોવા મળી શકે છે. જેમાં ખાસ કરીને અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં થોડીક રાહત મળવાના અણસાર દેખાઇ રહ્યા છે. આ ઉપરાંત, ઈરાનનું યુદ્ધ પુર્ણ થાય તો ક્રુડ ઓઇલના ભાવ ઘટવાની સંભાવના છે, જેનાથી ભારતીય અર્થવ્યવસ્થા પર મોટી રાહત થઇ શકે. જેની ભારતીય શેરબજારમાં અસર જોવા મળી રહી છે. જે આજે સતત પાંચમા દિવસે વધ્યું હતું, અને હાલમાં ગિફ્ટ નિફ્ટી 175 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યું હોવાથી આવતીકાલે પણ બજારમાં તેજી આગળ વધવાના અણસાર આપી રહ્યા છે.

અમુલે ઘીના ભાવમાં રૂ. 50 અને બટરમાં રૂ. 15નો વધારો ઝીંક્યો

દિવાળી પુર્વે અમુલના ભાવ વધારાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

માગમાં એકાએક ઉછાળો અને ડેરીના સપ્લાય ચેઇન પર ભારે દબાણથી ભાવ વધ્યાં

અમદાવાદ, તા. 4ઃ તહેવારોની સિઝનમાં જ સામાન્ય પ્રજાને વધુ એક ફટકો પડ્યો છે. ખાસ કરીને ગ-હિણીઓનું બજેટ ખોરવાયુ છે. જેમાં દેશની અગ્રણી ડેરી બ્રાન્ડ અમુલે દિવાળીના તહેવાર પુર્વે જ ઘી અને બટરના ભાવમાં ધરખમ વધાર ઝીંકી દીધો છે.

અમુલ દ્વારા કરવામાં આવેલા નવા ભાવ વધારા મુજબ 1 કિલો ઘીના પેકેટ પર સીધો રૂ. 50નો વધારો કરવામાં આવ્યો છે. જેના લીધે અમુલ ઘીનો ભાવ રૂ. 680 પર પહોંચી ગયો છે. આ ઉપરાંત, 500 ગ્રામ બટરના પેકેટના ભાવમાં રૂ .15નો વધારો કરવામાં આવ્યો છે, જેથી બટરનો નવો ભાવ રૂ. 325નો થઇ ગયો છે. તહેવારોમાં મીઠાઇઓ અને પકવાનો બનાવવા માટે ઘી અને બટરનો વપરાશ વધી જતો હયો છે, ત્યારે આ ભાવવધારાથી ગ-હિણીઓનું બજેટ સંપુર્ણ ખોરવાઇ ગયું છે. કંપનીઓના વર્તુળોના જણાવ્યા અનુસાર, ઘીના ભાવ વધવા અને સપ્લાય ખોરવાયા પાછળ માગમાં થયેલો અચાનક અને ભારે ઉછાળો મુખ્ય જવાબદાર કારણ છે. તાજેતરમાં ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાં નકરી ઘી વિરૂદ્ધ તંત્ર દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી હતી.